# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

Date : 7-11-2024 Midday : 1.20 to 1.30
Day : Thursday National News

## આકાશવાણી સમાચાર **યશ્વી મહેતા** વાંચે છે.

*****************************************************

1. કેન્દ્રીય ગૃહ મંત્રી અમિત શાહે આજે કહ્યું હતું કે આતંકવાદનો સામનો કરવા માટે એક નવા સુધારા સાથે સરકાર ટૂંક સમયમાં રાષ્ટ્રીય આતંકવાદ વિરોધી નીતિ અને વ્યૂહરચના રજૂ કરશે
2. વન રેન્ક વન પેન્શન યોજનાને આજે 10 વર્ષ થતાં પ્રધાનમંત્રીએ જણાવ્યું છે કે આ યોજના નિવૃત્ત સૈનિકોની અભૂતપૂર્વ સેવા અને બલિદાનને શ્રદ્ધાંજલિ છે
3. રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ ગોવામાં નૌકા દળના એર સ્ટેશન INS હંસા ખાતે ગાર્ડ ઓફ ઓનર સ્વીકાર્યું
4. ઓક્ટોબર મહિનામાં દેશમાં કાર, દ્વિચક્રી અને કમર્શિયલ વાહનોનું વેચાણ 32 ટકા વધીને 28.33 લાખ એકમ થયું
5. આજે દેશભરમાં છઠ પર્વની શ્રધ્ધાપૂર્વક ઉજવણી કરવામાં આવી રહી છે
6. આજે રાષ્ટ્રીય કેન્સર જાગૃતિ દિવસઃ કેન્સરની અટકાયત, વહેલું નિદાન અને સારવાર અંગે જાગૃતિ ફેલાવવા આ દિવસ મનાવવામાં આવે છે.

**************************************************

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

## AMIT SHAH

કેન્દ્રીય ગૃહ મંત્રી અમિત શાહે આજે કહ્યું હતું કે આતંકવાદનો સામનો કરવા માટે એક નવા સુધારા સાથે સરકાર ટૂંક સમયમાં રાષ્ટ્રીય આતંકવાદ વિરોધી નીતિ અને વ્યૂહરચના રજૂ કરશે. નેશનલ ઇન્વેસ્ટિગેશન એજન્સી (NIA) દ્વારા નવી દિલ્હીમાં આયોજિત બે દિવસીય

આતંકવાદ વિરોધી કોન્ફરન્સ-2024માં તેમના ઉદ્ઘાટન સંબોધનમાં શ્રી શાહે જણાવ્યું હતું કે, 2006 થી 2013 અને 2014 થી 2021 સુધીના સમયગાળાને જોતા, ત્યાં આતંકવાદી ઘટનાઓમાં 70 ટકાનો ઘટાડો થયો છે. મંત્રીએ કહ્યું કે, છેલ્લા 10 વર્ષમાં ભારત સરકારે નક્કર વ્યૂહરચના અપનાવી છે અને દેશની અંદર આતંકવાદ સામે લડવા માટે એક મજબૂત ઇકોસિસ્ટમ બનાવવામાં આવી છે.

આતંકવાદ વિરોધી પરિષદમાં એકીકૃત, 'સમગ્ર સરકાર' અભિગમ દ્વારા આતંકવાદનો સામનો કરવા માટે વિવિધ હિસ્સેદારો વચ્ચે સંકલન વધારવા પર મુખ્ય ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું છે. કોન્ફરન્સ વરિષ્ઠ પોલીસ અધિકારીઓ, કેન્દ્રીય એજન્સીના અધિકારીઓ અને કાયદા, ફોરેન્સિક્સ અને ટેકનોલોજીના નિષ્ણાતોને આતંકવાદ વિરોધી, કાર્યવાહીના પડકારો અને ઉભરતી તકનીકોની ભૂમિકા જેવા નિર્ણાયક મુદ્દાઓ પર ચર્ચા કરવા માટે એકસાથે લાવશે. આ ચર્ચાઓ આંતરરાષ્ટ્રીય કાનૂની સહયોગ અને સમગ્ર ભારતમાં કાર્યરત આતંકવાદી નેટવર્કને ખતમ કરવા માટેની વ્યૂહરચનાઓને પણ સંબોધશે. આ બેઠકનો ઉદ્દેશ્ય ભવિષ્યની નીતિ ઘડતર માટે મહત્ત્વપૂર્ણ ઇનપુટ્સ રજૂ કરવાનો પણ છે.

# PM OROP

**કેન્દ્ર સરકારની વન રેન્ક વન પેન્શન (OROP)ને આજે દસ વર્ષ પૂર્ણ કર્યા છે. આ પ્રસંગે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ જણાવ્યું છે કે આ યોજના લાગુ કરવાનો નિર્ણય એ દેશના જવાનોના બલિદાન પ્રત્યે રાષ્ટ્રની કૃતજ્ઞતા દર્શાવતું મહત્વનું પગલું છે. યોજનાના દસ વર્ષ પૂર્ણ થવા પ્રસંગે પ્રધાનમંત્રીએ સોશિયલ મીડિયા પોસ્ટમાં જણાવ્યું છે કે આ પહેલ નિવૃત્ત સૈનિકો અને અભૂતપૂર્વ સેવા કર્મચારીઓની હિંમત અને બલિદાનને શ્રદ્ધાંજલિ છે, જેઓ રાષ્ટ્રની સુરક્ષા માટે જીવન સમર્પિત કરે છે. તેમણે ઉમેર્યું કે એક દાયકામાં લાખો પેન્શનર અને પેન્શન પરિવારોને તેનાથી ફાયદો થયો છે.**

**શ્રી મોદી લખે છે કે આંકડાઓથી પરે આ યોજના સશસ્ત્રદળોની સુખાકારી માટે સરકારની પ્રતિબદ્ધતાને દર્શાવે છે. વન રેન્ક વન પેન્શન એ પૂર્વ સૈનિકો માટે**

**વાજબી અને સમાન પેન્શન ચૂકવણી સુનિશ્ચિત કરવા સરકાર દ્વારા અમલી બનાવાયેલી પરિવર્તનકારી યોજના છે. જે નિવૃત્ત સૈનિકમાં સમાન રેન્ક અને સમાન સેવાને આધારે સમાન પેન્શન લાભને સુનિશ્ચિત કરે છે. સંરક્ષણ મંત્રાલય અનુસાર ચાલુ નાણાકીયવર્ષમાં આ યોજના માટે કુલ 4 હજાર, 468 કરોડ રૂપિયાની ફાળવણી કરવામાં આવી. આ વર્ષે 30 સપ્ટેમ્બર સુધીમાં સશસ્ત્રદળોના પેન્શરોને 895 કરોડ રૂપિયાથી વધુનું વિતરણ કરાયું.**

## REVISE PRESIDENT GOA

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ આજે સવારે ગોવામાં નૌકા દળના એર સ્ટેશન INS હંસા ખાતે પ્રાસંગિક ગાર્ડ ઓફ ઓનર સ્વીકાર્યું હતું. રાષ્ટ્રપતિ સ્વદેશી બનાવટનાં વિમાનવાહક જહાજ INS વિક્રાંત પર સવાર થઇને નૌકા દળની કામગીરીનું નિરીક્ષણ કરશે. આ કાર્યક્રમમાં ભારતીય નૌકાદળના લડવૈયાઓની કાર્યક્ષમતા દર્શાવવામાં આવશે...

## ENVIRONMENT-STUBBLE

પર્યાવરણ, વન અને આબોહવા પરિવર્તન મંત્રાલયે પરાળ બાળવા સામે દંડની રકમ બમણી કરી છે. સરકારે ગઈકાલે નેશનલ કેપિટલ રિજન અને સંલગ્ન વિસ્તારોમાં હવા ગુણવત્તા પ્રબંધન માટેના કમિશન સુધારા નિયમો, 2024 હેઠળ નવા નિયમો જાહેર કર્યા છે.

નવા નિયમો મુજબ બે એકરથી ઓછી જમીન ધરાવતા ખેડૂતોએ હવે પાંચ હજાર રૂપિયા ચૂકવવા પડશે જે પહેલા બે હજાર પાંચસો રૂપિયા હતા. બે થી પાંચ એકર જમીન ધરાવતા ખેડૂતોએ ઘટના દીઠ દસ હજાર રૂપિયા પર્યાવરણીય વળતર ચૂકવવું પડશે. પાંચ એકરથી વધુ જમીન ધરાવતા ખેડૂતોએ ત્રીસ હજાર રૂપિયા

પર્યાવરણીય વળતર ચૂકવવું પડશે. અગાઉ બેથી પાંચ એકર ધરાવનારને પાંચ હજાર અને પાંચ એકરથી વધુ જમીન ધરાવનારને 15 હજારનું વળતર હતું.

# MID BREAK- NEWS-REGIONAL

**આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ રાષ્ટ્રીય સમાચાર આપ અમારી** Youtube **ચેનલ** A.I.R. **ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે આપ અમારા એક્સ હેન્ડલ** A.I.R. **ન્યૂઝ અન્ડર સ્કોર** ABAD **ને ફોલો કરી શકો છો.**

# HURRICANE RAFAEL

ક્યૂબાના દરિયાકાંઠે શક્તિશાળી વાવાઝોડું રાફેલ ત્રાટક્યું છે. જેને પગલે દેશના અનેક ભાગોમાં અંધારપટની સ્થિતિ સર્જાઈ છે. હવામાન નિષ્ણાતોએ અનુસાર વાવાઝોડાને કારણે પશ્ચિમ ભાગોમાં વિનાશક પૂરની ચેતવણી આપી છે. ક્યૂબા પહોંચતા પહેલા વાવાઝોડા રાફેલને કારણે કેમેન અને જમૈકામાં ભારે વરસાદ અને અંધારપટની સ્થિતિ સર્જાઈ હતી. વાવાઝોડું ગઈકાલે હવાનાથી દક્ષિણ – દક્ષિણ પશ્ચિમમાં 65 કિલોમીટર દૂર હતું.

નેશનલ હેરિકેન સેન્ટર અનુસાર રાફેલને કારણે 185 કિલોમીટર પ્રતિ કલાકની ઝડપે પવન ફૂંકાયો હતો, જે 22 કિલોમીટર પ્રતિકલાકની ઝડપે ઉત્તર પશ્ચિમ તરફ આગળ વધ્યો હતો. ક્યૂબાની સરકારે ગઈકાલે હવાનામાં પૂરની આશંકાને પગલે ચેતવણી ઉચ્ચારી હતી. ભારે વરસાદની સ્થિતિને જોતા શાળાઓ, પરિવહન સેવા તેમજ વિમાન સેવાને અસર થવા પામી હતી. પશ્ચિમ વિસ્તારોમાં સવચેતીના ભાગરૂપે હજારો લોકોને સ્થળાંતરિત કરાયા હતા.

# SPAIN – FLOOD

સ્પેનમાં પૂર ઓસર્યા બાદ પણ હજી 89 લોકો ગૂમ છે, જ્યારે દેશના પૂર્વીય ભાગોમાં જાનમાલને ભારે નુકસાન થયું છે. સત્તાવાર આંકડાઓ અનુસાર સ્પેનમાં પૂરને પગલે મૃત્યુઆંક 217ને પાર પહોંચ્યો છે.

સ્થાનિક સરકારના જણાવ્યા અનુસાર પૂર અસરગ્રસ્ત વિસ્તારોમાં લશ્કરના 7 હજાર, 987 જવાનો, 1 હજાર, 639 વાહનો ઉપરાંત 12 હેલિકોપ્ટર તેમજ 18 બોટ તૈનાત છે. સ્પેનના પ્રધાનમંત્રી પેડ્રો સાંચેઝે પૂર પીડિતોની મદદ માટે 1 હજાર 60 કરોડ રૂપિયાના રાહત પેકેજની જાહેરાત કરી છે.

## VEHICLE SALES SURGE 32 PC

ઓક્ટોબર મહિનામાં દેશમાં કાર, દ્વિચક્રી અને કમર્શિયલ વાહનોનું વેચાણ 21.44 લાખ એકમથી 32 ટકા વધીને 28.33 લાખ એકમ થયું છે. ધ ફેડરેશન ઓફ ઓટોમોબાઇલ ડિલર્સ એસોસિએશનને એક યાદીમાં જણાવ્યું છે કે, તહેવારો દરમિયાન ભારે ડિસ્કાઉન્ટને કારણે વેચાણમાં વધારો નોંધાયો છે.

ફેડરેશને જણાવ્યું છે કે, રવી પાક માટે લઘુતમ ટેકાનાં ભાવમાં વધારાને કારણે ગ્રામીણ બજારોમાં દ્વિચક્રી અને પેસેન્જર વાહનનાં વેચાણમાં વધારાને વેગ મળ્યો છે. તહેવારોની માંગને પગલે કારનું વેચાણ 32 ટકા વધીને 4 લાખ 83 હજાર એકમ થયું છે. ખાસ કરીને સ્પોર્ટ્સ યુટિલિટી વ્હિકલ્સ- SUVના વેચાણમાં નોંધપાત્ર વધારો થયો છે. ગયા મહિને દ્વિચક્રી વાહનોનું વેચાણ 15.14 લાખ એકમથી 36 ટકા વધીને 20.7 લાખ એકમ થયું છે, જ્યારે ત્રિ-ચક્રી વાહનનું વેચાણ 11.5 ટકા વધીને 1.23 લાખ એકમ થયું છે. ટ્રેક્ટરનું વેચાણ ત્રણ ટકા વધીને 64 હજાર 433 એકમ થયું છે.

## CHHATHPUJA

આજે દેશભરમાં છઠ પર્વની શ્રધ્ધાપૂર્વક ઉજવણી કરવામાં આવી રહી છે. સૂર્ય દેવતા અને છઠી મૈયાને સમર્પિત આ ચાર દિવસનાં તહેવારનાં ત્રીજા દિવસે

આજે શ્રધ્ધાળુઓ નદી કિનારે આવેલા વિવિધ છઠ ઘાટો ખાતે સૂર્યાસ્ત સમયે સૂર્યને અર્ધ્ય અર્પણ કરશે. આવતી કાલે ઉગતા સૂર્યને અર્ધ્ય અર્પણ કરીને તહેવારની સમાપ્તિ થશે.

શ્રધ્ધાળુની મોટી સંખ્યાને ધ્યાનમાં રાખીને સમગ્ર બિહારમાં પૂરતી સલામતી વ્યવસ્થા કરવામાં આવી છે. પટણામાં બાંસ ઘાટ, જેપી સેતુ ઘાટ, સહિતનાં અનેક ગંગા ઘાટ પર દર વર્ષે આશરે 12થી 15 લાખ શ્રધ્ધાળુ અર્ધ્ય અર્પણ કરવા આવે છે.

પૂજા પૂર્ણ થાય ત્યાં સુધી ખાનગી હોડી ચલાવવા પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે. મુખ્યમંત્રી નિતિશ કુમાર, રાજ્યપાલ વિશ્વનાથ આર્લેકર અને ભાજપના પ્રમુખ જે.પી. નડ્ડા ગંગા નદીમાં સ્ટીમર પર  સવાર થઈને પૂજા વિધી નિહાળશે.

## NATIONAL CANCER AWARENESS DAY

આજે રાષ્ટ્રીય કેન્સર જાગૃતિ દિવસ છે. કેન્સર અટકાયત, વહેલું નિદાન અને સારવાર અંગે જાગૃતિ ફેલાવવા 2014થી દર વર્ષે 7 નવેમ્બરનાં રોજ આ દિવસ મનાવવામાં આવે છે.

આ દિવસ પોલિશ-ફ્રેન્ચ ભૌતિકશાસ્ત્રી અને રસાયણશાસ્ત્રી મેડમ ક્યુરીનો જન્મદિવસ પણ છે, જેમની રેડિયમ અને પોલોનિયમની શોધે કેન્સરની સારવારમાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી છે. આજનાં દિવસે લોકોને મ્યુનિસિપલ ક્લિનિક, સરકારી હોસ્પિટલો અને CGHS સુવિધાઓમાં મફત ચકાસણીનો લાભ લેવા પ્રોત્સાહિત કરવામાં આવે છે. સપ્ટેમ્બર 2014માં તત્કાલિન આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રી ડોક્ટર હર્ષવર્ધને રાષ્ટ્રીય કેન્સર જાગૃતિ દિવસનો પ્રારંભ કરાવ્યો હતો.

## INDIAN RAILWAYS-CHHATH-

છઠ પૂજાને ધ્યાનમાં રાખીને ભારતીય રેલવે આવતી કાલથી 164 વિશેષ ટ્રેનો દોડાવશે. પ્રવાસીઓ તહેવારોની ઉજવણી કરીને પોતાના ગંતવ્ય સ્થાને પાછા

આવશે. રેલવેએ આગામી ત્રણ દિવસમાં આશરે 476 ટ્રેનો દોડાવવાનું આયોજન કર્યું છે.

ભારતીય રેલ્વેએ છેલ્લા છત્રીસ દિવસમાં 4 હજાર 521 વિશેષ ટ્રેનો ચલાવીને 65 લાખ મુસાફરોને સેવા આપી છે. રેલવે મંત્રાલયના જણાવ્યા પ્રમાણે બિહાર, પૂર્વ ઉત્તર પ્રદેશ અને ઝારખંડમાં કુલ છ કરોડ 85 લાખ પ્રવાસીઓએ મુસાફરી કરી છે. તહેવારોમાં પ્રવાસીઓનાં ધસારાને પહોંચી વળવા માટે એક ઓક્ટોબરથી 30મી નવેમ્બરની વચ્ચે 7 હજાર 600થી વધુ વિશેષ ટ્રેનો ચલાવવાની યોજના છે.